નં.સ્ટેમ્પ–નક્ષણ–૪૨૧–૨૦૦૪/૫૬૦૭૭

સુપ્રિ. ઓફ સ્ટેમ્પની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર ૧૩ સી, ખ રો–ડ,
ગાંધીનગર.તા.૩૦–૧૨–૦૪.

વંચાણમાં લીધુ :– ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો ૧૯૮૭

: પ રિ પ ત્ર :

લાયસન્સ્ડ સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા સ્ટેમ્પ પેપરના વેચાણની કામગીરી પર યોગ્ય અને સતત દેખરેખ અને નિયંત્રણ રહે તે માટે દરેક પ્રાન્ત અધિકારી/લાયસન્સ આપનાર ઓથોરીટીએ પ્રતિ માસ એક વાર રેગ્યુલર નિરીક્ષણ અને દર ત્રણ માસે એક વાર ઓચિંતુ નીરીક્ષણ (Surprise Inspection) કરવા અત્રેના તા.૫–૧૧–૯૮ના પરિપત્ર ક્રમાંક સ્ટેમ્પ/નક્ષણ/૨૫૧/૯૮/૮૩૫૯ તથા ૮–૧૦–૨૦૦૪ ના પરિપત્ર ક્રમાંક સ્ટેમ્પ/કયદ/નક્ષણ/૧૪૭/૨૦૦૩/૧૨૨૨ થી આ અગાઉ સૂચનાઓ અપાયેલ છે.પરંતુ તેનું ચુસ્તપણે પાલન ન થતુ હોવાનું અત્રેની કચેરીના ધ્યાનમાં આવેલ છે. રાજય સરકારે આ બાબતને ઘણીજ ગંભીરગણી છે. અને જો કોઈ પ્રાન્ત અધિકારી / લાયસન્સ ઈસ્યુ કરનાર ઓથોરીટી ધ્વારા નિયમાનુસાર નકકી કરેલ સમયગાળામાં નિયમીત ઈન્સ્પેકશન ન કરવામાં આવે તો તેની નિષ્કાળજી બદલ તેમની સામે કડક શિસ્ત વિષયક પગલાં લેવા નકકી કરેલ છે. આ સંજોગોમાં દરેક પ્રાન્ત અધિકારીઓ અને લાયસન્સ ઈસ્યુ કરનાર ઓથોરીટી ને જણાવવામાં આવે છે કે તેમના ક્ષેત્રાધિકાર નીચેના લાયસન્સ્ડ સ્ટેમ્પ વેન્ડરોનું ઈન્સ્પેકશન નિયમીત પણે કરી તેનો અહેવાલ દર માસે કલેકટરશ્રીને રજૂ કરવાનો રહેશે. અને કલેકટરશ્રી એ તેમના અહેવાલની એક નકલ અત્રેને જાણ અર્થે મોકલવાની રહેશે.

વધુમાં આ ઈન્સ્પેકશન વખતે પ્રાન્ત અધિકારી/લાયસન્સ ઈસ્યુ કરનાર ઓથોરીટી એ બે પ્રકારના ક્રોસ વેરીફીકેશન ફરજીયાત કરવાના રહે છે.જેની વિગતો નીચે પ્રમાણે છે.

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા વેચાણ કરવામાં આવતા સ્ટેમ્પ તેઓ સંબંધિત તિજોરી કચેરીએથી મેળવે છે. જેથી પ્રતિમાસ તિજોરી કચેરીએથી જે સ્ટેમ્પ વેન્ડર ધ્વારા સ્ટેમ્પ વેચાણ સંબંધે મેળવવામાં આવેલ હોય તેની સ્ટેમ્પ વેન્ડર ના નામ વાર ખરીદીની તારીખ સ્ટેમ્પ ના પ્રકાર અને કિંમતવાર માહિતી મેળવી તે મુજબ સંબંધિત સ્ટેમ્પ વેન્ડર ધ્વારા તેના સ્ટેમ્પ વેચાણ રજીસ્ટરે સ્ટેમ્પ જમા લઈ હિસાબમાં દર્શાવેલ છે કે કેમ ? તેમજ તે મુજબ વેચાણ અને જમા સ્ટોક મળી રહે છે તેની ચકાસણી કરવી. વળી, સબરજીસ્ટ્રારની કચેરીએ નોંધણી અર્થે રજુ થતા દસ્તાવેજોમાં વાપરેલ સ્ટેમ્પની સ્ટેમ્પ વેન્ડરવાર વેચાણ થયેલ સ્ટેમ્પના નંબર તારીખ, કિંમત ની માહિતી પ્રાન્ત અધિકારીશ્રીને/લાયસન્સ ઈસ્યુ કરનાર ઓથોરીટીને પ્રતિમાસ ની

૧૦મી તારીખ સુધીમાં  મોકલી આપવાની રહેશે.જે મુજબ ના નંબર તારીખવાર સ્ટેમ્પ નું વેચાણ થયા અંગે પ્રાન્ત અધિકારી/લાયસન્સ આપનાર નિયંત્રક અધિકારીએ સ્ટેમ્પ વેન્ડરના માસીક ઈન્સ્પેકશન વખતે ક્રોસ વેરીફીકેશન કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

સહી/-
(એચ.બી.વરીયા)
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય,
ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી (તમામ)
................
.................

નકલ રવાના :-
(૧) નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગ હ૧ શાખા,સચિવાલય,ગાંધીનગર.
(૨)અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
(૩)નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
(૪)નાયબ નોંધણી સર નીરીક્ષકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
(૫) પ્રાન્ત અધિકારીશ્રી, તમામ ..............
(૬) નાયબ કલેકટરશ્રી,સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર તમામ ..................
(૭) આસી.સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી,અમદાવાદ.
(૮) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પસ સ્ટેમ્પ/મુલ્યાંકન ગાંધીનગર.
(૯)નાયબ મદદનીશ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર. રીફંડ/મહેકમ/કાયદા
(૧૦) નોંધણી નીરીક્ષક શ્રી .............. જિલ્લો .................

૨/- આ સાથેના નમુનાના પત્રકમાં આપના કાર્યક્ષેત્રના જિલ્લાના સબરજીસ્ટ્રારો પાસેથી માહિતી મેળવી સંબંધિત પ્રાંત અધિકારી/લાયસન્સ આપનાર નિયંત્રક અધિકારીને નિયત સમય મર્યાદામાં મોકલી આપવાની રહેશે.

(૧૧) સીલેકટ ફાઈલ.

રવાના કર્યુ

નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર.

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર ધ્વારા વેચાણ થયેલ અને નોંધણી અર્થે રજુ થયેલ દસ્તાવેજોમાં વપરાયેલ સ્ટેમ્પ અંગેની માહિતી નુ પત્રક.

સબ રજીસ્ટાર કચેરી,................તા.......................જી. માહે............

| વેચાણની તારીખ | સ્ટેમ્પ વેન્ડરનું નામ અને લાયસન્સ નંબર | સ્ટેમ્પ વેચાણ અ.નં. | સ્ટેમ્પ પેપર ઉપરનો છાપેલ સીરીયલ નંબર | સ્ટેમ્પની કિંમત |
| --- | --- | --- | --- | --- |
| | | | | |

સબ રજીસ્ટાર........